# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-12-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, છેલ્લા દોઢ વર્ષમાં દેશના લગભગ 10 લાખ યુવાનોને સરકારી નોકરીઓ આપવામાં આવી.
- ✓ સર્વોચ્ચ અદાલતે મેડિકલ કાઉન્સિલ કમિટીને NEET-UG અભ્યાસક્રમો માટેની ખાલી મેડિકલ બેઠકો ભરવા માટે આદેશ આપ્યો.
- ✓ કેન્દ્ર સરકારે ધોરણ- 5 અને 8ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં બઢતી આપવાની નીતિ રદ કરી.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે, ટેકનોલોજીના વધતા ઉપયોગથી મેડિકલ અને એન્જિનિયરિંગ સંસ્થાઓ વચ્ચે સહયોગ મહત્વપૂર્ણ બન્યો છે.
- ✓ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલથી છ દિવસની અમેરિકાની મુલાકાતે જશે.
- ✓ અમેરિકાના પદનામિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય-અમેરિકન ઉદ્યોગસાહસિક શ્રીરામ કૃષ્ણનને કૃત્રિમ બુદ્ધિમત્તા ક્ષેત્રમાં વરિષ્ઠ સલાહકાર તરીકે નિયુક્ત કર્યા.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે છેલ્લા દોઢ વર્ષમાં દેશના લગભગ 10 લાખ યુવાનોને સરકારી નોકરીઓ આપવામાં આવી છે.

આજે તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 71 હજારથી વધુ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ નોકરીઓ સંપૂર્ણ પારદર્શિતા સાથે પૂરી પાડવામાં આવી રહી છે અને નવા નિયુક્ત કર્મચારીઓ સમર્પણ અને નિષ્ઠા સાથે દેશની સેવા કરી રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા 10 વર્ષથી દેશના વિવિધ મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓમાં સરકારી નોકરીઓ આપવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

**(બાઇટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)**

પ્રધાનમંત્રીએ કહ્યું કે રોજગાર મેળાઓ યુવાનોને સશક્ત બનાવી રહ્યા છે અને તેમની શક્યતાઓ માટે દરવાજા ખોલી રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે દેશના યુવાનોની ક્ષમતા અને પ્રતિભાનો સંપૂર્ણ ઉપયોગ કરવો એ સરકારની પ્રાથમિકતા છે.

આ અવસરે કર્મચારી અને તાલીમ વિભાગના રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે કહ્યું કે, 71 હજારમાંથી લગભગ 50 હજારની અર્ધલશ્કરી દળોમાં નિમણૂંક કરવામાં આવી છે. તેમણે કહ્યું કે કુલ નિમણૂકોમાંથી લગભગ 21 હજાર નિમણૂક પત્રો અન્ય પછાત વર્ગના લોકોને વહેંચવામાં આવ્યા છે.

દેશમાં 45 સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવનિયુક્ત કર્મચારીઓ વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે.

## WORKSHOP GOOD GOVERNANCE-JITENDRA

જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે, છેલ્લા 10 વર્ષમાં સરકારે કચરામાંથી સંપત્તિ બનાવવાની નવી વ્યવસ્થા તૈયાર કરી છે.

તેમણે આજે નવી દિલ્હીમાં ગુડ ગવર્નન્સ પ્રેક્ટિસ પર રાષ્ટ્રીય કાર્યશાળાના ઉદ્ઘાટન સમયે આ વાત કહી હતી. ખુરશીઓ અને કોમ્પ્યુટર જેવી જૂની વસ્તુઓની પર્યાવરણીય અસરને ધ્યાનમાં રાખીને શ્રી સિંહે ભૌતિક ફાઈલો ઘટાડવા અને શાસનમાં સુધારા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સુશાસનની પ્રથાઓનો વ્યાપક પ્રસાર સુનિશ્ચિત કરવા માટે સ્વચ્છતા અભિયાનને પાયાના સ્તર સુધી વિસ્તારવાની જરૂર છે.

## SC NEET

સર્વોચ્ચ અદાલતે મેડિકલ કાઉન્સિલ કમિટીને NEET અંડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટેની ખાલી મેડિકલ બેઠકો ભરવા માટે વિશેષ રાઉન્ડ હાથ ધરવા આદેશ આપ્યો છે.

ન્યાયમૂર્તિ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની ખંડપીઠે આ નિર્દેશ આપતાં કહ્યું કે, એનઆરઆઈની ખાલી બેઠકોને પણ સામાન્ય શ્રેણીના ક્વોટામાં રૂપાંતરિત કરવી જોઈએ અને રાજ્ય પ્રવેશ અધિકારીઓ દ્વારા ભરવામાં આવે.

અદાલતે આદેશમાં કહ્યું છે કે, જ્યારે દેશ ડોક્ટરોની તીવ્ર અછતનો સામનો કરી રહ્યો છે, ત્યારે મેડિકલ બેઠકોનો વ્યય ન થવો જોઈએ. પ્રવેશ ઓથોરિટીને સૂચના આપવામાં આવી છે કે, તેઓ ખાલી બેઠકો માટે નવેસરથી અથવા વિશેષ કાઉન્સેલિંગ કરે અને કોઈપણ સંજોગોમાં 30 ડિસેમ્બર પહેલાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરે.

ખંડપીઠે વધુમાં નિર્દેશ આપ્યો હતો કે, કોઈપણ કોલેજને વિદ્યાર્થીઓને સીધા પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને પ્રવેશ ફક્ત રાજ્ય પ્રવેશ સત્તાવાળાઓ દ્વારા જ હાથ ધરવામાં આવશે..

## DETENTION POLICY SCRAPPED

કેન્દ્ર સરકારે ધોરણ 5 અને 8ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં બઢતી આપવાની નીતિ રદ કરી છે. શિક્ષણ સચિવ સંજય કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે, ધોરણ 5 અને 8 ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે. જો તેઓ પુનઃપરીક્ષા પછી ફરીથી નાપાસ થશે, તો તેમને આગલા વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં.

**(બાઇટ- સંજયકુમાર- શિક્ષણ સચિવ)**

તેમણે કહ્યું કે, આ વિદ્યાર્થીઓનું પ્રાથમિક શિક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી શાળામાંથી કાઢી મૂકવામાં આવશે નહીં. સચિવે કહ્યું કે, બાળકોના ભણતરના પરિણામોને સુધારવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# PREZ-CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે મેડિકલ ક્ષેત્રે ટેકનોલોજીના વધતા ઉપયોગથી મેડિકલ અને એન્જિનિયરિંગ સંસ્થાઓ વચ્ચે સહયોગ અત્યંત મહત્વપૂર્ણ બન્યો છે.

આજે નવી દિલ્હીમાં વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજ અને સફદરજંગ હોસ્પિટલના 6ઠ્ઠા પદવીદાન સમારંભને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, કૃત્રિમ બુધ્ધિમત્તા, રોબોટિક્સ અને 3D બાયોપ્રિંટિંગના પ્રયોગો મેડિકલ ક્ષેત્રમાં મોટા પાયે પરિવર્તન લાવવા જઈ રહ્યા છે. તેમણે કહ્યું, વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજ અને સફદરજંગ હોસ્પિટલ સંશોધન અને નવીનતા માટે દિલ્હી સ્થિત એન્જિનિયરિંગ અને ટેકનોલોજી સંસ્થાઓ સાથે સહયોગ કરી શકે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આંતરશાખાકીય જ્ઞાનની વહેંચણી દરેકના હિતમાં હશે.

# JAISHANKAR VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલથી છ દિવસની અમેરિકાની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન તેઓ અમેરિકી વિદેશ મંત્રીને મળશે અને મહત્વપૂર્ણ દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. ડૉ. જયશંકર અમેરિકામાં ભારતના કોન્સલ જનરલની કોન્ફરન્સની પણ અધ્યક્ષતા કરશે.

# TRUMP - AI ADVISOR

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય-અમેરિકન ઉદ્યોગસાહસિક શ્રીરામ કૃષ્ણનને કૃત્રિમ બુધ્ધિમત્તા- AI ક્ષેત્રમાં વરિષ્ઠ સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. શ્રી કૃષ્ણન ડેવિડ સેક્સર સાથે નજીકથી કામ કરશે, જેમને વ્હાઇટ હાઉસના AI અને ક્રિપ્ટોકરન્સીનું નેતૃત્વ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ જાહેરાત બાદ કૃષ્ણનને સોશિયલ મીડિયા પર શ્રી ટ્રમ્પનો આભાર વ્યક્ત કર્યો હતો. કૃષ્ણનની નિમણૂકની ભારતીય-અમેરિકન સમુદાય દ્વારા વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી છે. કૃષ્ણનનો જન્મ ચેન્નાઈમાં થયો હતો.

## KISAN DIWAS

દેશના વિકાસમાં ખેડૂતોના યોગદાનને બિરદાવવા માટે આજે દેશભરમાં ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણ સિંહની જન્મજયંતિ છે. આ દિવસને રાષ્ટ્રીય ખેડૂત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે નવી દિલ્હીમાં કિસાન ઘાટ ખાતે પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણ સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે શ્રી ધનખડે જણાવ્યું હતું કે ચૌધરી ચરણસિંહે ખેડૂતો માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ચૌધરી ચરણ સિંહને શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ અમારું સૌભાગ્ય છે કે અમને ચૌધરી સાહેબને ભારત રત્નથી સન્માનિત કરવાની તક મળી.

## REV. BJP - CONG AMBEDKAR

ભારતીય જનતા પાર્ટીએ આજે ફરી કોંગ્રેસ પર ડૉ. ભીમરાવ આંબેડકરનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે.

પક્ષના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે જ 1952ની લોકસભા ચૂંટણીમાં અને પછી 1954ની પેટા ચૂંટણીમાં ડૉ. આંબેડકરની હાર સુનિશ્ચિત કરી હતી. તેમણે એમ પણ કહ્યું કે ડૉ. આંબેડકરને જવાહરલાલ નહેરુ સરકારમાંથી રાજીનામું આપવાની ફરજ પડી હતી અને કોંગ્રેસના શાસન દરમિયાન તેમને ભારતરત્નનો ખિતાબ આપવામાં આવ્યો ન હતો.

શ્રી પ્રસાદે કહ્યું કે, કોંગ્રેસે ડૉ.આંબેડકરના નામ પર કોઈ સ્મારક બનાવ્યું નથી. બાબાસાહેબનું અપમાન કરવા બદલ કોંગ્રેસે માફી માંગવી જોઈએ.

## GUJ-PMJAY

ગુજરાતમાં, રાજ્ય સરકારે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) હેઠળ સૂચિબદ્ધ હોસ્પિટલો માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PMJAY હેઠળ પેનલમાં સમાવિષ્ટ હોસ્પિટલની ગેરરીતિ કોઇપણ ભોગે સાંખી નહીં લઈ લેવાય.

આજે જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા અંતર્ગત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-2024ની જોગવાઇ હેઠળ પૂર્વનિર્ધારિત સારવારમાં દર્દી અને સગાને પુરતી સમજણ આપતી વખતે વિડીયો રેકોર્ડીંગ સાથેનું સંમતિ પત્રક ફરજીયાત લેવાનું રહેશે. આ ઉપરાંત, દર્દીને ડિસ્ચાર્જ કરતી વખતે ડિસ્ચાર્જ સમરીની સાથે સારવાર દરમ્યાન કરવામાં આવેલા લેબોરેટરી, રેડિયોલોજી સહિતનાં નિદાન અહેવાલો ફરજીયાત આપવાના રહેશે. આ યોજના હેઠળ થતી ગેરરિતીનાં બનાવો રોકવા સરકારી તેમજ GMERS મેડ-મેડિકલ કોલેજમાંથી અલાયદી ટીમની રચના કરવામાં આવી છે.

મંત્રીએ માહિતી આપી હતી કે, અત્યાર સુધીમાં રાજ્યના 97 લાખ પરિવારોના લગભગ બે કરોડ 65 લાખ દર્દીઓએ આ યોજના હેઠળ લાભ લીધો છે. હાલમાં, રાજ્યમાં PMJAYમાં 900થી વધુ ખાનગી અને 1500થી વધુ સરકારી હોસ્પિટલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. PMJAYની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતી 10 હોસ્પિટલોને પણ સસ્પેન્ડ કરી છે અને તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

# REV BJP- AAP CHARGESHEET

ભારતીય જનતા પાર્ટીએ વિધાનસભા ચૂંટણી પહેલા દિલ્હી સરકાર સામે આરોપનામું જાહેર કર્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા અનુરાગ ઠાકુર, દિલ્હી ભાજપના વડા વીરેન્દ્ર સચદેવા અને અન્ય નેતાઓએ આમ આદમી પાર્ટીની સરકાર પર ગેરવહીવટ અને લોકોને આપેલા વચનો પૂરા ન કરવાનો આરોપ લગાવતો દસ્તાવેજ બહાર પાડ્યો હતો.

શ્રી ઠાકુરે આરોપ લગાવ્યો કે AAP કન્વીનર અરવિંદ કેજરીવાલે ખોટા વચનો આપ્યા અને દિલ્હીના લોકોને ગેરમાર્ગે દોર્યા. તેમણે યમુના નદીમાં પ્રદૂષણ, દિલ્હીમાં ખરાબ હવાની ગુણવત્તા, ભ્રષ્ટાચાર અને અન્ય મુદ્દાઓ પર કેજરીવાલ સામે આક્ષેપો કર્યા હતા..

દરમિયાન કેજરીવાલે ભાજપના આરોપોને ફગાવી દેતા કહ્યું હતું કે, ભાજપ પાસે તેમની સામે કોઈ મુદ્દો નથી. કેજરીવાલે કહ્યું કે ભાજપે દિલ્હીના લોકો માટે કરેલા કામનો હિસાબ આપવો જોઈએ.